સીટીએન્જીનીયર વિભાગ
બીજો માળ,ભાવનગર મહાનગરપાલિકાની કચેરી,
સર મંગળ સિંહજી રોડ,ભાવનગર.
Phone : (0278)2511605 Email : city.bmc@gmail.com

સી.ઈ.ક.જા.નં. ૩૨ તા.૨૭ /૦૪/૧૫

## ::દફતરી હુકમ::

મહાનગરપાલિકામાં રૂ.પાંચ લાખી વધુ રકમના કામોનાં ટેન્ડર, ઈ– ટેન્ડર પધ્ધતિથી કરવાની પધ્ધતિ અમલમાં છે.રૂ.પાંચ લાખ કે તેથી ઓછી રકમના કામો હાલ વાર્ષિક ભાવથી / હાર્ડકોપીમાં ટેન્ડર સબમીશનથી કરવામાં આવે છે.હાર્ડકોપીમાં કરવામાં આવતા ટેન્ડર સબમીશનની પધ્ધતિમાં ટેન્ડર અંગેની વહીવટી પ્રક્રિયા સરળ અને ઝડપી થઈ શકે તથા ટેન્ડર પ્રક્રિયામાં પારદર્શિતા અને ગુપ્તતા જળવાઈ રહે તે માટે સુધારો કરવાનું જરૂરી જણાતું હોય હવે નીચે મુજબની ટેન્ડર કાર્ય પધ્ધતિ અમલમાં લાવવાની રહેશે.

(૧) સબંધીત વિભાગોએ રૂ.પાંચ લાખ કે તેથી ઓછી રકમના કામો માટેની ટેન્ડરની જાહેરાત તથા ટેન્ડરની સોફટ કોપી PDF ફોર્મેટમાં ઈ.ડી.પી. વિભાગમાં આપવાની રહેશે.ઈ.ડી.પી. વિભાગે આ ટેન્ડર મહાનગરપાલિકાની વેબ સાઈટ ઉપર અપલોડ કરવાનું રહેશે.સબંધીત વિભાગો દવારા વર્તમાનપત્રમાં આપવામાં આવતી ટેન્ડર જાહેરાતમાં મહાનગરપાલિકાની વેબસાઈટનું સરનામુ જણાવી તેના ઉપરથી ટેન્ડર ડાઉનલોડ કરી લેવાના રહેશે તેમ જણાવવાનું રહેશે.

(૨) ટેન્ડર ફીની ની બાબતમાં જયાં સુધી ઓનલાઈન પેમેન્ટની વ્યવસ્થા ન થાય ત્યાં સુધી ટેન્ડર ફીની રકમનો 'કમિશનરશ્રી ભાવનગર મહાનગરપાલિકા'ના નામનો ડીમાન્ડ ડ્રાફટ ટેન્ડર સાથેજ સબમીટ કરવાનો રહેશે.આ બાબતનો ટેન્ડરની જાહેરાતમાં ખાસ ઉલ્લેખ કરવાનો રહેશે.ટેન્ડરની હાર્ડકોપીનું વેચાણ વિભાગોમાંથી કરવાનું રહેશે નહી.

કમિશ્નર
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર

નકલ સવિનય રવાના:(૧) માન.મેયરશ્રી
(૨)માન.ચેરમેનશ્રી,(સ્ટે.ક.)
નકલ રવાના: વિભાગો(તમામ)

કોમ્પ્યુટર વિભાગ
ઈનવર્ડ નંબર........
તા. ૨૭/૦૪/૧૫

27/4/15

D:\CURRENT\HimanshuGeneral\General.doc